**અગત્યનું**

ક્રમાંક:/મઉમશબ/સંશોધન/૨૦૧૮/ 3891-3893

ગુજરાત માધ્યમિક અને

ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,

સેકટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,

ગાંધીનગર. તા.૧૮/૦૭/૨૦૧૮

પ્રતિ

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)

ગુજરાત રાજ્ય.

વિષય;- ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો- ૧૯૭૪ના વિનિયમ-૨૦(૩)થી ૨૦(૮)માં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષકોની લાયકાત નિયત કરવા બાબત.

સંદર્ભ:- શિક્ષણ વિભાગના તા.૦૮/૬/૨૦૧૮ના ઠરાવ ક્રમાંક:મશબ/૧૧૧૬/૧૨/છ

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ના વિનિયમ ક્રમાંક:૨૦(૩)થી (૮)ના અનુસંધાનમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આવતા વિષયોના શિક્ષકોની ભરતી માટેની લાયકાત અને વિષયો તથા માધ્યમ સંદર્ભે હાલની જોગવાઈઓની જગ્યાએ માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ભરતી માટે ઉક્ત ઠરાવ સાથે સામેલ પરિશિષ્ટ-૧ મુજબ, ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ભરતી માટે પરિશિષ્ટ-૨ મુજબ કૃષિ-ઉત્તર બુનિયાદી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ભરતી માટે પરિશિષ્ટ-૩ મુજબ અને વિશિષ્ટ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ભરતી માટે પરિશિષ્ટ-૪ મુજબની જોગવાઈઓ નિયત કરવા સરકારશ્રી ધ્વારા ઠરાવવામાં આવેલ છે. ઉક્ત ઠરાવની નકલ આ સાથે સામેલ છે. જે આપના ધ્વારા આપના જિલ્લાની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ તથા અમલ સારું મોકલી આપશો.

(ડી.એસ.પટેલ)

સચિવ

ગુજરાત માધ્યમિક અને

ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ,

ગાંધીનગર.

**બિડાણ:** શિક્ષણ વિભાગના તા.૦૮/૦૬/૨૦૧૮ના ઠરાવની નકલ.

**નકલ સવિનય રવાના:-**

- માન.અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર.

ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો,૧૯૭૪ ના વિનિયમ ક્રમાંક:૨૦ (૩) થી (૮) ના અનુસંધાનમાં માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શીખવવામાં આવતા વિષયોના શિક્ષકોની ભરતી માટેની લાયકાત અને વિષયો તથા માધ્યમ નક્કી કરવા બાબત.

ગુજરાત સરકાર
ઠરાવ ક્રમાંક: મશબ/૧૧૧૬/૧૨/છ
શિક્ષણ વિભાગ
સચિવાલય , ગાંધીનગર
તા.૦૮/૦૬/૨૦૧૮

વંચાણે લીધા:

(૧) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક : મશબ/૧૧૧૬/૧૨/છ તા. ૦૬.૧૦.૨૦૧૭
(૨) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક : મશબ/૧૧૧૬/૧૨/છ તા. ૧૭.૧૦.૨૦૧૭
(૩) શિક્ષણ વિભાગ દ્વારા તા.૧૮.૧૧.૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક : બમશ/૧૨૧૭/૧૨૩૭/ છ
(૪) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક : મશબ/૧૧૧૬/૧૨/છ તા. ૨૧.૧૨.૨૦૧૭
(૫) તજજ્ઞ સમિતિની તા.૦૭/૦૩/૨૦૧૮ ની બેઠકની કાર્યવાહી નોંધ.

આમુખ:

ઉપરોક્ત વંચાણે લીધેલ ક્રમાંક (૧) મુજબ ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો,૧૯૭૪ ના વિનિયમ ક્રમાંક ૨૦(૩) માં સુધારો અને ક્રમાંક-(૨)માં દર્શાવેલ ઠરાવથી વિનિયમ ક્રમાક-૨૦(૩)ના અનુસંધાનમાં માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શીખવવામાં આવતા વિષયોના શિક્ષકોની ભરતી સંબંધે પરિશિષ્ટ (૧) અને (૨) મુજબ વિષય અને લાયકાત નક્કી કરવામાં આવેલ હતા.

ત્યારબાદ શિક્ષક અભિરૂચી કસોટી (માધ્યમિક)૨૦૧૭ અંગેના જાહેરનામા સંદર્ભે TAT પરીક્ષા માટે સબંધિત વિષયની લાયકાત સંબંધિત જોગવાઇ તાર્કિક ન હોવાને કારણે સમય મર્યાદામાં ફોર્મ ન ભરી શકેલ ઉમેદવારો દ્વારા નામદાર હાઇકોર્ટમાં વિવિધ પીટીશન દાખલ કરવામાં આવેલ હતી. આથી વંચાણે લીધા ક્રમાંક-(૩) મુજબ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષકની લાયકાતો અને અન્ય બાબતો માટે ઉચ્ચ કક્ષાની તજજ્ઞ સમિતિની રચના અને તેનુ કાર્યક્ષેત્ર નક્કી કરવામાં આવેલ હતુ. અને ક્રમાંક-(૪)માં દર્શાવેલ ઠરાવથી ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો,૧૯૭૪ ના વિનિયમ ક્રમાંક-૨૦(૩)ના અનુસંધાનમાં માધ્યમિક /ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શીખવવામાં આવતા વિષયોની ભરતી માટેના વધારાના વિષયો નક્કી કરવામાં આવેલ હતા. તેમજ

(3)

ક્રમાંક (૫)થી તજજ્ઞ સમિતિની તા.૦૭/૦૩/૨૦૧૮ ની બેઠકમાં થયેલ ભલામણોને અનુસાર ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો,૧૯૭૪ ના વિનિયમ ક્રમાંક-૨૦(૩) થી (૮) ના અનુસંધાનમાં માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શીખવવામાં આવતા વિષયોના શિક્ષકોની ભરતી માટેની લાયકાત અને વિષયો તથા માધ્યમ નક્કી કરવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠરાવ

ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો,૧૯૭૪ના વિનિયમ ક્રમાંક-૨૦(૩) થી (૮) ના અનુસંધાનમાં માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શીખવવામાં આવતા વિષયોના શિક્ષકોની ભરતી માટેની લાયકાત અને વિષયો તથા માધ્યમ સંદર્ભે હાલની જોગવાઇઓની જગ્યાએ, માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ભરતી માટે આ સાથે સામેલ પરિશિષ્ટ-૧ મુજબ, ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ભરતી માટે આ સાથે સામેલ પરિશિષ્ટ-૨ મુજબ,કૃષિ-ઉત્તર બુનિયાદી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ભરતી માટે આ સાથે સામેલ પરિશિષ્ટ-૩ મુજબ અને વિશિષ્ટ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ભરતી માટે આ સાથે સામેલ પરિશિષ્ટ-૪ મુજબની જોગવાઇઓ નિયત કરવા આથી સરકારશ્રી દ્વારા ઠરાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(અજય ભટ્ટ)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

- માન.મંત્રીશ્રી(શિક્ષણ)નાઅંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧,સચિવાલય,ગાંધીનગર.
- માન.રાજય કક્ષાના મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨,સચિવાલય,ગાંધીનગર.
- અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
- નિયામકશ્રી, શાળાઓની કચેરી,બ્લોક નં:૯/૧,ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- અધ્યક્ષશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર (સંબંધિતોને પરિપત્ર કરવા વિનંતી સહ)
- સેક્શન અધિકારીશ્રી,ગ-૧ શાખા, શિક્ષણ વિભાગ,ગાંધીનગર.
- કમ્પ્યૂટર સેલ, શિક્ષણ વિભાગ,ગાંધીનગર.
- નાયબ સેક્શન અધિકારીશ્રી, સિલેક્ટ ફાઇલ.
- સિલેક્ટ ફાઇલ.

પરિશિષ્ટ-૧

## માધ્યમિક શાળાઓમાં (SSC) શિક્ષકોની ભરતીના વિષયોની વિગત

| ક્રમ | વિષય | સ્નાતક કક્ષાએ શૈક્ષણિક લાયકાત અને વિષય | | અનુસ્નાતક કક્ષાએ શૈક્ષણિક લાયકાત અને વિષય (જો ધરાવતા હોય તો) | | વ્યવસાયિક લાયકાત (બી.એડ./શિક્ષા વિશારદ (ગુજરાત વિદ્યાપીઠ) / ડીપીએડ/ G.B.T.C.) | | એમ.એડ./ શિક્ષા - પારંગત (ગુજરાત વિદ્યાપીઠ), (જો ધરાવતા હોય તો) | TAT કસોટીનો વિષય |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | લાયકાત | વિષય | લાયકાત | વિષય | પદ્ધતિ-૧ | પદ્ધતિ-૨ | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧ | ગુજરાતી | બી.એ. | ગુજરાતી | એમ.એ. | ગુજરાતી | ગુજરાતી | કોલમ-(૭) માં દર્શાવેલ પદ્ધતિ-૧ સિવાયનો અન્ય કોઇ એક વિષય | એમ.એડ./ શિક્ષા પારંગત | ગુજરાતી |
| | | બી.આર.એસ. | ગુજરાતી | | | | | | |
| ૨ | હિન્દી | બી.એ. | હિન્દી | એમ.એ. | હિન્દી | હિન્દી | કોલમ-(૭) માં દર્શાવેલ પદ્ધતિ-૧ સિવાયનો અન્ય કોઇ એક વિષય | એમ.એડ./ શિક્ષા પારંગત | હિન્દી |
| | | બી.આર.એસ. | હિન્દી | | | | | | |
| ૩ | મરાઠી | બી.એ. | મરાઠી | એમ.એ. | મરાઠી | મરાઠી | કોલમ-(૭) માં દર્શાવેલ પદ્ધતિ-૧ સિવાયનો અન્ય કોઇ એક વિષય | એમ.એડ./ શિક્ષા પારંગત | મરાઠી |
| ૪ | અંગ્રેજી | બી.એ. | અંગ્રેજી | એમ.એ. | અંગ્રેજી | અંગ્રેજી | કોલમ-(૭) માં દર્શાવેલ પદ્ધતિ-૧ સિવાયનો અન્ય કોઇ એક વિષય | એમ.એડ./ શિક્ષા પારંગત | અંગ્રેજી |
| | | બી.આર.એસ. | અંગ્રેજી | | | | | | |
| ૫ | ઉર્દૂ | બી.એ. | ઉર્દૂ | એમ.એ. | ઉર્દૂ | ઉર્દૂ અથવા અન્ય ભાષા | કોલમ-(૭) માં દર્શાવેલ પદ્ધતિ-૧ સિવાયનો અન્ય કોઇ એક વિષય | એમ.એડ./ શિક્ષા પારંગત | ઉર્દૂ |
| ૬ | સિંધી | બી.એ. | સિંધી | એમ.એ. | સિંધી | સિંધી અથવા અન્ય ભાષા | કોલમ-(૭) માં દર્શાવેલ પદ્ધતિ-૧ સિવાયનો અન્ય કોઇ એક વિષય | એમ.એડ./ શિક્ષા પારંગત | સિંધી |
| ૭ | તમિલ | બી.એ. | તમિલ | એમ.એ. | તમિલ | તમિલ અથવા અન્ય ભાષા | કોલમ-(૭) માં દર્શાવેલ પદ્ધતિ-૧ સિવાયનો અન્ય કોઇ એક વિષય | એમ.એડ./ શિક્ષા પારંગત | તમિલ |
| ૮ | તેલુગુ | બી.એ. | તેલુગુ | એમ.એ. | તેલુગુ | તેલુગુ અથવા અન્ય ભાષા | કોલમ-(૭) માં દર્શાવેલ પદ્ધતિ-૧ સિવાયનો અન્ય કોઇ એક વિષય | એમ.એડ./ શિક્ષા પારંગત | તેલુગુ |
| ૯ | ઉડીયા | બી.એ. | ઉડીયા | એમ.એ. | ઉડીયા | ઉડીયા અથવા અન્ય ભાષા | કોલમ-(૭) માં દર્શાવેલ પદ્ધતિ-૧ સિવાયનો અન્ય કોઇ એક વિષય | એમ.એડ./ શિક્ષા પારંગત | ઉડીયા |
| ૧૦ | સામાજિક વિજ્ઞાન | બી.એ. | ઇતિહાસ અથવા ભુગોળ અથવા નાગરીકશાસ્ત્ર અથવા અર્થશાસ્ત્ર અથવા રાજ્યશાસ્ત્ર અથવા સમાજશાસ્ત્ર | કોલમ-(૪) માં સ્નાતક કક્ષાએ દર્શાવેલ વિષયો પૈકી જે વિષયમાં સ્નાતક હોય તે વિષયમાં અનુસ્નાતક | | ઇતિહાસ/ભુગોળ/ નાગરીકશાસ્ત્ર/ અર્થશાસ્ત્ર/ રાજ્યશાસ્ત્ર/ સમાજશાસ્ત્ર/ સામાજિક વિજ્ઞાન | કોલમ-(૭) માં દર્શાવેલ પદ્ધતિ-૧ સિવાયનો અન્ય કોઇ એક વિષય | એમ.એડ./ શિક્ષા પારંગત | સામાજિક વિજ્ઞાન |
| | | બી.આર.એસ. | અર્થશાસ્ત્ર અથવા ઇતિહાસ | | | | | | |

4 ૯૭૨ ૪૩૭

પરિશિષ્ટ-૧

## માધ્યમિક શાળાઓમાં (SSC) શિક્ષકોની ભરતીના વિષયોની વિગત

| ક્રમ | વિષય | સ્નાતક કક્ષાએ શૈક્ષણિક લાયકાત અને વિષય: લાયકાત | સ્નાતક કક્ષાએ શૈક્ષણિક લાયકાત અને વિષય: વિષય | અનુસ્નાતક કક્ષાએ શૈક્ષણિક લાયકાત અને વિષય (જો ધરાવતા હોય તો): લાયકાત | અનુસ્નાતક કક્ષાએ શૈક્ષણિક લાયકાત અને વિષય (જો ધરાવતા હોય તો): વિષય | વ્યવસાયિક લાયકાત (બી.એડ./શિક્ષા વિશારદ (ગુજરાત વિદ્યાપીઠ) / ડીપીએડ/ G.B.T.O.): પદ્ધતિ-૧ | વ્યવસાયિક લાયકાત: પદ્ધતિ-૨ | એમ.એડ./ શિક્ષા પારંગત (ગુજરાત વિદ્યાપીઠ) (જો ધરાવતા હોય તો) | TAT કસોટીનો વિષય |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧૧ | ગણિત અને વિજ્ઞાન & ટેકનોલોજી | બી.એસ.સી. | ગણિત અથવા<br>આંકડાશાસ્ત્ર | એમ.એસ.સી. | કોલમ-(૪) માં સ્નાતક કક્ષાએ દર્શાવેલ વિષયો પૈકી કોઇ એક વિષયમાં અનુસ્નાતક | ગણિત અને વિજ્ઞાન & ટેકનોલોજી | | એમ.એડ./ શિક્ષા પારંગત | ગણિત અને વિજ્ઞાન & ટેકનોલોજી |
| | | બી.એસ.સી. | ભૌતિકશાસ્ત્ર અથવા<br>ઇલેક્ટ્રોનિક્સ અથવા<br>જીયોલોજી | એમ.એસ.સી. | કોલમ-(૪) માં સ્નાતક કક્ષાએ દર્શાવેલ વિષયો પૈકી કોઇ એક વિષયમાં અનુસ્નાતક | | | | |
| | | બી.એસ.સી. | રસાયણશાસ્ત્ર અથવા<br>ઇન્ડસ્ટ્રીયલ કેમેસ્ટ્રી અથવા<br>ઓરગેનીક કેમેસ્ટ્રી અથવા<br>ઇનઓરગેનીક કેમેસ્ટ્રી અથવા<br>ફીઝીકલ કેમેસ્ટ્રી અથવા<br>એનાલીટીકલ કેમેસ્ટ્રી | એમ.એસ.સી. | કોલમ-(૪) માં સ્નાતક કક્ષાએ દર્શાવેલ વિષયો પૈકી કોઇ એક વિષયમાં અનુસ્નાતક | | | | |
| | | બી.એસ.સી. | જીવવિજ્ઞાન અથવા<br>વનસ્પતિશાસ્ત્ર અથવા<br>પ્રાણીશાસ્ત્ર અથવા<br>માઇક્રોબાયોલોજી અથવા<br>બાયો ટેકનોલોજી અથવા<br>બાયો સાયન્સ અથવા<br>બાયો કેમેસ્ટ્રી અથવા<br>મરીન સાયન્સ અથવા<br>એનીમલ સાયન્સ અથવા<br>પ્લાન્ટ બાયોલોજી અથવા<br>લાઇફ સાયન્સ | એમ.એસ.સી. | કોલમ-(૪) માં સ્નાતક કક્ષાએ દર્શાવેલ વિષયો પૈકી કોઇ એક વિષયમાં અનુસ્નાતક | | | | |

5

૨૩૯

## માધ્યમિક શાળાઓમાં (SSC) શિક્ષકોની ભરતીના વિષયોની પ્રગત

પરિશિષ્ટ-૧

| ક્રમ | વિષય | સ્નાતક કક્ષાએ શૈક્ષણિક લાયકાત અને વિષય | | અનુસ્નાતક કક્ષાએ શૈક્ષણિક લાયકાત અને વિષય (જો ધરાવતા હોય તો) | | વ્યવસાયિક લાયકાત (બી.એડ./શિક્ષા વિશારદ (ગુજરાત વિદ્યાપીઠ) / ડીપીએડ/ G.B.T.O.) | | એમ.એડ./ શિક્ષા પારંગત (ગુજરાત વિદ્યાપીઠ) (જો ધરાવતા હોય તો) | TAT કસોટીનો વિષય |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | લાયકાત | વિષય | લાયકાત | વિષય | પદ્ધતિ-૧ | પદ્ધતિ-૨ | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧૨ | સંસ્કૃત | બી.એ. (સંસ્કૃત) અથવા શાસ્ત્રી (બી.એ. ઇન સંસ્કૃત-સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી) | | એમ.એ. (સંસ્કૃત) અથવા આચાર્ય (એમ.એ. ઇન સંસ્કૃત-સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી) | | સંસ્કૃત | કોલમ-(૭) માં દર્શાવેલ પદ્ધતિ-૧ સિવાયનો અન્ય કોઇ એક વિષય<br>અથવા<br>શિક્ષા શાસ્ત્રી (બી.એડ.-સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી) | એમ.એડ./ શિક્ષા પારંગત | સંસ્કૃત |
| ૧૩ | ફારસી | બી.એ. | ફારસી | એમ.એ. | ફારસી | ફારસી અથવા અન્ય ભાષા | કોલમ-(૭) માં દર્શાવેલ પદ્ધતિ-૧ સિવાયનો અન્ય કોઇ એક વિષય | એમ.એડ./ શિક્ષા પારંગત | ફારસી |
| ૧૪ | અરબી | બી.એ. | અરબી | એમ.એ. | અરબી | અરબી અથવા અન્ય ભાષા | કોલમ-(૭) માં દર્શાવેલ પદ્ધતિ-૧ સિવાયનો અન્ય કોઇ એક વિષય | એમ.એડ./ શિક્ષા પારંગત | અરબી |
| ૧૫ | કમ્પ્યુટર અધ્યયન | BCA<br>B.Sc.(IT)<br>B.E./B.Tech.(Computer/Computer Science)<br>B.E./B.Tech.(IT)<br>B.Sc. (Computer /Computer Science)<br>M.Sc. (IT) (Intigrated Cource) | | MCA<br>M.Sc. (IT)<br>M.E./M.Tech.(Computer / Computer Science)<br>M.E./M.Tech.(IT)<br>M.Sc.(Computer /Computer Science) | | કોઇપણ વિષય | કોલમ-(૭) માં દર્શાવેલ પદ્ધતિ-૧ સિવાયનો અન્ય કોઇ એક વિષય | એમ.એડ./ શિક્ષા પારંગત | કમ્પ્યુટર |
| ૧૬ | ચિત્ર | ફાઇન આર્ટસમાં સ્નાતક (B.F.A.) અથવા ડિપ્લોમા ઇન ફાઇન આર્ટસ (પાંચ વર્ષનો ઇન્ટીગ્રેટેડ કોર્ષ) અથવા કોઇપણ વિષયમાં ધોરણ-૧૨ + એ.ટી.ડી. અથવા ધોરણ-૧૨ + ડી.એમ. | | | | | | ---- | ચિત્ર |
| ૧૭ | સંગીત | સંગીત વિશારદ અથવા B.Music અથવા બી.એ. ઇન સંગીત | | | | | | ---- | સંગીત |
| ૧૮ | યોગ સ્વાસ્થ્ય અને શારિરીક શિક્ષણ | માધ્યમિક શાળામાં ભણાવાતા કોઇપણ વિષયમાં સ્નાતક અથવા ધોરણ-૧૨ પછી NCTE માન્ય કોલેજના ત્રણ/ચાર વર્ષના અભ્યાસક્રમના અંતે આપવામાં આવતી બેચલર ઓફ ફિઝીકલ એજ્યુકેશન (B.P.E.) ની પદવી | | | | B.P.Ed./D.P.Ed. | | ---- | યોગ સ્વાસ્થ્ય અને શારિરીક શિક્ષણ |

માધ્યમિક શાળામાં શિક્ષક તરીકે નિમણૂક માટે અનુસ્નાતક કક્ષાની શૈક્ષણિક લાયકાત ફરજીયાત નથી. પરંતુ જો લાયકાત પ્રાપ્ત કરેલ હોય તો ભરતીમાં મેરીટ માટે ગુણાંકન મળવાપાત્ર થશે.

માધ્યમિક શાળામાં શિક્ષક તરીકે નિમણૂક માટે એમ.એડ./શિક્ષા પારંગત (ગુજરાત વિદ્યાપીઠ)ની લાયકાત ફરજીયાત નથી. પરંતુ જો લાયકાત પ્રાપ્ત કરેલ હોય તો ભરતીમાં મેરીટ માટે ગુણાંકન મળવાપાત્ર થશે.

માધ્યમિક શાળામાં શિક્ષક તરીકે નિમણૂક માટેની શિક્ષક અભિયોગ્યતા કસોટી-માધ્યમિક (TAT-SECONDARY) ગુજરાતી, હિન્દી તથા અંગ્રેજી એમ ત્રણ માધ્યમમાં યોજવામાં આવશે. ઉમેદવાર પોતાની પસંદગી અનુસાર કોઇ એક માધ્યમમાં પરીક્ષા આપી શકશે. પરંતુ ઉમેદવારે જે માધ્યમની શિક્ષક અભિયોગ્યતા કસોટી ઉત્તીર્ણ કરેલ હશે તે માધ્યમમાં શૈક્ષણિક કાર્ય કરતી શાળામાં જ એટલે કે તે માધ્યમની શાળામાં શિક્ષક તરીકે નિમણૂક મેળવવા માટે પાત્ર ઠરશે.

પરિશિષ્ટ-૨

## ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં (HSC) શિક્ષકોની ભરતીના વિષયોની વિગત

| ક્રમ | વિષય | સ્નાતક કક્ષાએ શૈક્ષણિક લાયકાત અને વિષય | | અનુસ્નાતક કક્ષાએ શૈક્ષણિક લાયકાત અને વિષય | | વ્યવસાયિક લાયકાત (બી.એડ./શિક્ષા વિશારદ (ગુજરાત વિદ્યાપીઠ) / ડીપીએડ/ G.B.T.C.) | | એમ.એડ./ શિક્ષા પારંગત (ગુજરાત વિદ્યાપીઠ) (જો ધરાવતા હોય તો) | TAT કસોટીનો વિષય |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | લાયકાત | વિષય | લાયકાત | વિષય | પદ્ધતિ-૧ | પદ્ધતિ-૨ | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧ | ગણિત | બી.એસ.સી. | ગણિત | એમ.એસ.સી. | કોલમ-(૪) માં સ્નાતક કક્ષાએ દર્શાવેલ વિષયો પૈકી કોઇ એક વિષયમાં અનુસ્નાતક | ગણિત અને વિજ્ઞાન & ટેકનોલોજી | | એમ.એડ./ શિક્ષા પારંગત | ગણિત |
| ૨ | ભૌતિકવિજ્ઞાન | બી.એસ.સી. | ભૌતિકશાસ્ત્ર અથવા<br>ઇલેક્ટ્રોનિક્સ અથવા<br>જીયોલોજી | એમ.એસ.સી. | કોલમ-(૪) માં સ્નાતક કક્ષાએ દર્શાવેલ વિષયો પૈકી કોઇ એક વિષયમાં અનુસ્નાતક | ગણિત અને વિજ્ઞાન & ટેકનોલોજી | | એમ.એડ./ શિક્ષા પારંગત | ભૌતિકવિજ્ઞાન |
| ૩ | રસાયણવિજ્ઞાન | બી.એસ.સી. | રસાયણશાસ્ત્ર અથવા<br>ઇન્ડસ્ટ્રીયલ કેમેસ્ટ્રી અથવા<br>ઓરગેનીક કેમેસ્ટ્રી અથવા<br>ઇનઓરગેનીક કેમેસ્ટ્રી અથવા<br>ફીઝીકલ કેમેસ્ટ્રી અથવા<br>એનાલીટીકલ કેમેસ્ટ્રી | એમ.એસ.સી. | કોલમ-(૪) માં સ્નાતક કક્ષાએ દર્શાવેલ વિષયો પૈકી કોઇ એક વિષયમાં અનુસ્નાતક | ગણિત અને વિજ્ઞાન & ટેકનોલોજી | | એમ.એડ./ શિક્ષા પારંગત | રસાયણવિજ્ઞાન |
| ૪ | જીવવિજ્ઞાન | બી.એસ.સી. | જીવવિજ્ઞાન અથવા<br>વનસ્પતિશાસ્ત્ર અથવા<br>પ્રાણીશાસ્ત્ર અથવા<br>માઇક્રોબાયોલોજી અથવા<br>બાયો ટેકનોલોજી અથવા<br>બાયો સાયન્સ અથવા<br>બાયો કેમેસ્ટ્રી અથવા<br>મરીન સાયન્સ અથવા<br>એનીમલ સાયન્સ અથવા<br>પ્લાન્ટ બાયોલોજી અથવા<br>લાઇફ સાયન્સ | એમ.એસ.સી. | કોલમ-(૪) માં સ્નાતક કક્ષાએ દર્શાવેલ વિષયો પૈકી કોઇ એક વિષયમાં અનુસ્નાતક | ગણિત અને વિજ્ઞાન & ટેકનોલોજી | | એમ.એડ./ શિક્ષા પારંગત | જીવવિજ્ઞાન |
| ૫ | ગુજરાતી | બી.એ. | ગુજરાતી | એમ.એ. | ગુજરાતી | ગુજરાતી | કોલમ-(૭) માં દર્શાવેલ પદ્ધતિ-૧ સિવાયનો અન્ય કોઇ એક વિષય | એમ.એડ./ શિક્ષા પારંગત | ગુજરાતી |
| ૬ | હિન્દી | બી.એ. | હિન્દી | એમ.એ. | હિન્દી | હિન્દી | કોલમ-(૭) માં દર્શાવેલ પદ્ધતિ-૧ સિવાયનો અન્ય કોઇ એક વિષય | એમ.એડ./ શિક્ષા પારંગત | હિન્દી |
| ૭ | અંગ્રેજી | બી.એ. | અંગ્રેજી | એમ.એ. | અંગ્રેજી | અંગ્રેજી | કોલમ-(૭) માં દર્શાવેલ પદ્ધતિ-૧ સિવાયનો અન્ય કોઇ એક વિષય | એમ.એડ./ શિક્ષા [illegible] | અંગ્રેજી |

## ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં (HSC) શિક્ષકોની ભરતીના વિષયોની વિગત

| ક્રમ | વિષય | સ્નાતક કક્ષાએ શૈક્ષણિક લાયકાત અને વિષય | | અનુસ્નાતક કક્ષાએ શૈક્ષણિક લાયકાત અને વિષય | | વ્યવસાયિક લાયકાત (બી.એડ./શિક્ષા વિશારદ (ગુજરાત વિદ્યાપીઠ) / ડીબીએડ/ P.T.C.) | | એમ.એડ./ શિક્ષા પારંગત (ગુજરાત વિદ્યાપીઠ) (જો ધરાવતા હોય તો) | TAT કસોટીનો વિષય |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | લાયકાત | વિષય | લાયકાત | વિષય | પદ્ધતિ-૧ | પદ્ધતિ-૨ | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૮ | અર્થશાસ્ત્ર | બી.એ. | અર્થશાસ્ત્ર | એમ.એ. | અર્થશાસ્ત્ર | કોઇપણ વિષય | કોલમ-(૭) માં દર્શાવેલ પદ્ધતિ-૧ સિવાયનો અન્ય કોઇ એક વિષય | એમ.એડ./ શિક્ષા પારંગત | અર્થશાસ્ત્ર |
| ૯ | સંસ્કૃત | બી.એ. (સંસ્કૃત) અથવા શાસ્ત્રી (બી.એ. ઇન સંસ્કૃત-સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી) | | એમ.એ. (સંસ્કૃત) અથવા આચાર્ય (એમ.એ. ઇન સંસ્કૃત-સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી) | | સંસ્કૃત | કોલમ-(૭) માં દર્શાવેલ પદ્ધતિ-૧ સિવાયનો અન્ય કોઇ એક વિષય | એમ.એડ./ શિક્ષા પારંગત | સંસ્કૃત |
| | | | | | | અથવા શિક્ષા શાસ્ત્રી (બી.એડ-સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી) | | | |
| ૧૦ | આંકડાશાસ્ત્ર | બી.કોમ./ બી.એ./ બી.એસ.સી. | આંકડાશાસ્ત્ર | એમ.કોમ/ એમ.એ./ એમ.એસ.સી. | આંકડાશાસ્ત્ર | કોઇપણ વિષય | કોલમ-(૭) માં દર્શાવેલ પદ્ધતિ-૧ સિવાયનો અન્ય કોઇ એક વિષય | એમ.એડ./ શિક્ષા પારંગત | આંકડાશાસ્ત્ર |
| ૧૧ | તત્વજ્ઞાન | બી.એ. | તત્વજ્ઞાન અથવા તર્કશાસ્ત્ર | એમ.એ. | તત્વજ્ઞાન અથવા તર્કશાસ્ત્ર | કોઇપણ વિષય | કોલમ-(૭) માં દર્શાવેલ પદ્ધતિ-૧ સિવાયનો અન્ય કોઇ એક વિષય | એમ.એડ./ શિક્ષા પારંગત | તત્વજ્ઞાન |
| ૧૨ | સમાજશાસ્ત્ર | બી.એ. | સમાજશાસ્ત્ર | એમ.એ. | સમાજશાસ્ત્ર | કોઇપણ વિષય | કોલમ-(૭) માં દર્શાવેલ પદ્ધતિ-૧ સિવાયનો અન્ય કોઇ એક વિષય | એમ.એડ./ શિક્ષા પારંગત | સમાજશાસ્ત્ર |
| ૧૩ | મનોવિજ્ઞાન | બી.એ. | મનોવિજ્ઞાન | એમ.એ. | મનોવિજ્ઞાન | કોઇપણ વિષય | કોલમ-(૭) માં દર્શાવેલ પદ્ધતિ-૧ સિવાયનો અન્ય કોઇ એક વિષય | એમ.એડ./ શિક્ષા પારંગત | મનોવિજ્ઞાન |
| ૧૪ | ભૂગોળ | બી.એ. | ભૂગોળ | એમ.એ. | ભૂગોળ | કોઇપણ વિષય | કોલમ-(૭) માં દર્શાવેલ પદ્ધતિ-૧ સિવાયનો અન્ય કોઇ એક વિષય | એમ.એડ./ શિક્ષા પારંગત | ભૂગોળ |
| ૧૫ | ઇતિહાસ | બી.એ. | ઇતિહાસ | એમ.એ. | ઇતિહાસ | કોઇપણ વિષય | કોલમ-(૭) માં દર્શાવેલ પદ્ધતિ-૧ સિવાયનો અન્ય કોઇ એક વિષય | એમ.એડ./ શિક્ષા પારંગત | ઇતિહાસ |
| ૧૬ | રાજ્યશાસ્ત્ર | બી.એ. | રાજ્યશાસ્ત્ર | એમ.એ. | રાજ્યશાસ્ત્ર | કોઇપણ વિષય | કોલમ-(૭) માં દર્શાવેલ પદ્ધતિ-૧ સિવાયનો અન્ય કોઇ એક વિષય | એમ.એડ./ શિક્ષા પારંગત | રાજ્યશાસ્ત્ર |
| ૧૭ | નામના મૂળતત્વો | બી.કોમ. | | એમ.કોમ | | કોઇપણ વિષય | કોલમ-(૭) માં દર્શાવેલ પદ્ધતિ-૧ સિવાયનો અન્ય કોઇ એક વિષય | એમ.એડ./ શિક્ષા પારંગત | કોમર્સ |
| ૧૮ | વાણિજ્ય વ્યવસ્થા અને સંચાલન | | | | | | | | |
| ૧૯ | એસ.પી.સી.સી. | | | | | | | | |

# ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં (HSC) શિક્ષકોની ભરતીના વિષયવાર વિગત

પરિશિષ્ટ-૨

| ક્રમ | વિષય | સ્નાતક કક્ષાએ શૈક્ષણિક લાયકાત અને વિષય: લાયકાત | સ્નાતક કક્ષાએ શૈક્ષણિક લાયકાત અને વિષય: વિષય | અનુસ્નાતક કક્ષાએ શૈક્ષણિક લાયકાત અને વિષય: લાયકાત | અનુસ્નાતક કક્ષાએ શૈક્ષણિક લાયકાત અને વિષય: વિષય | વ્યવસાયિક લાયકાત (બી.એડ./શિક્ષા વિશારદ (ગુજરાત વિદ્યાપીઠ) / ડીપીએડ/ G.B.T.C.): પદ્ધતિ-૧ | વ્યવસાયિક લાયકાત (બી.એડ./શિક્ષા વિશારદ (ગુજરાત વિદ્યાપીઠ) / ડીપીએડ/ G.B.T.C.): પદ્ધતિ-૨ | એમ.એડ./ શિક્ષા પારંગત (ગુજરાત વિદ્યાપીઠ) (જો ધરાવતા હોય તો) | TAT કસોટીનો વિષય |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૨૦ | યોગ સ્વાસ્થ્ય અને શારિરીક શિક્ષણ | ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં ભણાવાતા કોઇપણ વિષય સાથે સ્નાતક | | જે વિષયમાં સ્નાતક હોય તે વિષયમાં અનુસ્નાતક | | B.P.Ed./D.P.Ed. | | ---- | યોગ સ્વાસ્થ્ય અને શારિરીક શિક્ષણ |
| | | અથવા ધોરણ-૧૨ પછી NCTE માન્ય કોલેજના ત્રણ/ચાર વર્ષના અભ્યાસક્રમના અંતે આપવામાં આવતી બેચલર ઓફ ફિઝીકલ એજ્યુકેશન (B.P.E.) સાથે M.P.E./ M.P.Ed. | | | | | | | |
| ૨૧ | કમ્પ્યુટર અધ્યયન | BCA<br>B.Sc.(IT)<br>B.E./B.Tech.(Computer/Computer Science)<br>B.E./B.Tech.(IT)<br>B.Sc. (Computer /Computer Science)<br>M.Sc. (IT) (Intigrated Cource) | | MCA<br>M.Sc. (IT)<br>M.E./M.Tech.(Computer / Computer Science)<br>M.E./M.Tech.(IT)<br>M.Sc.(Computer /Computer Science) | | કોઇપણ વિષય | કોલમ-(૭) માં દર્શાવેલ પદ્ધતિ-૧ સિવાયનો અન્ય કોઇ એક વિષય | એમ.એડ./ શિક્ષા પારંગત | કમ્પ્યુટર |
| ૨૨ | મરાઠી | બી.એ. | મરાઠી | એમ.એ. | મરાઠી | મરાઠી અથવા અન્ય ભાષા | કોલમ-(૭) માં દર્શાવેલ પદ્ધતિ-૧ સિવાયનો અન્ય કોઇ એક વિષય | એમ.એડ./ શિક્ષા પારંગત | મરાઠી |
| ૨૩ | ઉર્દૂ | બી.એ. | ઉર્દૂ | એમ.એ. | ઉર્દૂ | ઉર્દૂ અથવા અન્ય ભાષા | કોલમ-(૭) માં દર્શાવેલ પદ્ધતિ-૧ સિવાયનો અન્ય કોઇ એક વિષય | એમ.એડ./ શિક્ષા પારંગત | ઉર્દૂ |
| ૨૪ | સિંધી | બી.એ. | સિંધી | એમ.એ. | સિંધી | સિંધી અથવા અન્ય ભાષા | કોલમ-(૭) માં દર્શાવેલ પદ્ધતિ-૧ સિવાયનો અન્ય કોઇ એક વિષય | એમ.એડ./ શિક્ષા પારંગત | સિંધી |
| ૨૫ | તમિલ | બી.એ. | તમિલ | એમ.એ. | તમિલ | તમિલ અથવા અન્ય ભાષા | કોલમ-(૭) માં દર્શાવેલ પદ્ધતિ-૧ સિવાયનો અન્ય કોઇ એક વિષય | એમ.એડ./ શિક્ષા પારંગત | તમિલ |
| ૨૬ | ફારસી | બી.એ. | ફારસી | એમ.એ. | ફારસી | ફારસી અથવા અન્ય ભાષા | કોલમ-(૭) માં દર્શાવેલ પદ્ધતિ-૧ સિવાયનો અન્ય કોઇ એક વિષય | એમ.એડ./ શિક્ષા પારંગત | ફારસી |
| ૨૭ | અરબી | બી.એ. | અરબી | એમ.એ. | અરબી | અરબી અથવા અન્ય ભાષા | કોલમ-(૭) માં દર્શાવેલ પદ્ધતિ-૧ સિવાયનો અન્ય કોઇ એક વિષય | એમ.એડ./ શિક્ષા પારંગત | અરબી |
| ૨૮ | પ્રાકૃત | બી.એ. | પ્રાકૃત | એમ.એ. | પ્રાકૃત | પ્રાકૃત અથવા અન્ય ભાષા | કોલમ-(૭) માં દર્શાવેલ પદ્ધતિ-૧ સિવાયનો અન્ય કોઇ એક વિષય | એમ.એડ./ શિક્ષા પારંગત | પ્રાકૃત |

ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં શિક્ષક તરીકે નિમણૂક માટે એમ.એડ./ શિક્ષા પારંગત (ગુજરાત વિદ્યાપીઠ)ની લાયકાત ફરજીયાત નથી. પરંતુ જો લાયકાત પ્રાપ્ત કરેલ હોય તો ભરતીમાં મેરીટ માટે ગુણાંકન મળવાપાત્ર થશે.

ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં શિક્ષક તરીકે નિમણૂક માટેની શિક્ષક અભિયોગ્યતા કસોટી-ઉચ્ચત્તર માધ્યમિક (TAT-HIGHER SECONDARY) ગુજરાતી, હિન્દી તથા અંગ્રેજી એમ ત્રણ માધ્યમમાં યોજવામાં આવશે. ઉમેદવાર પોતાની પસંદગી અનુસાર કોઇ એક માધ્યમમાં પરીક્ષા આપી શકશે. પરંતુ ઉમેદવારે જે માધ્યમની શિક્ષક અભિયોગ્યતા કસોટી ઉત્તીર્ણ કરેલ હશે તે માધ્યમમાં શૈક્ષણિક કાર્ય કરતી શાળામાં જ એટલે કે તે માધ્યમની શાળામાં શિક્ષક તરીકે નિમણૂક મેળવવા માટે પાત્ર ઠરશે

પરીશિષ્ટ-૩

# કૃષિ-ઉત્તર બુનિયાદી શાળાઓમાં શિક્ષકોની ભરતીના વિષયોની વિગત

➢ માધ્યમિક શિક્ષક (ધોરણ-૯ અને ૧૦):

| ક્રમ | ઉદ્યોગ/વિષયનું નામ | લઘુત્તમ શૈક્ષણિક અને વ્યાવસાયિક લાયકાત |
|---|---|---|
| ૧ | કૃષિ વિદ્યા | બી.આર.એસ.+બી.એડ અથવા બી.એસ.સી.(એગ્રી)+ બી.એડ |
| ૨ | પશુપાલન અને ડેરી વિજ્ઞાન | બી.આર.એસ.+બી.એડ અથવા બી.એસ.સી.(એગ્રી)+ બી.એડ |
| ૩ | ગૃહ જીવન વિદ્યા | બી.એ.(વિશારદ-ગૃહ વિજ્ઞાન) +બી.એડ અથવા બી.એસ.સી.( ગૃહ વિજ્ઞાન)+ બી.એડ |

➢ ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષક (ધોરણ-૧૧ અને ૧૨):

| ક્રમ | ઉદ્યોગ/વિષયનું નામ | લઘુત્તમ શૈક્ષણિક અને વ્યાવસાયિક લાયકાત |
|---|---|---|
| ૧ | કૃષિ વિદ્યા | એમ.આર.એસ.+ બી.એડ અથવા<br>એમ.આર.એમ.(માસ્ટર ઑફ રૂરલ મેનેજમેન્ટ)+બી.એડ અથવા<br>એમ.એસ.સી.(એગ્રી) + બી.એડ |
| ૨ | પશુપાલન અને ડેરી વિજ્ઞાન | એમ.આર.એસ.+ બી.એડ અથવા<br>એમ.આર.એમ.(માસ્ટર ઑફ રૂરલ મેનેજમેન્ટ)+બી.એડ અથવા<br>એમ.એસ.સી.(એગ્રી) + બી.એડ |
| ૩ | ગૃહ જીવન વિદ્યા | એમ.એ.(વિશારદ-ગૃહ વિજ્ઞાન) +બી.એડ અથવા<br>એમ.એસ.સી.( ગૃહ વિજ્ઞાન)+ બી.એડ |
| ૪ | સામાજિક વિજ્ઞાન | એમ.આર.એસ. (વિસ્તરણ અને સમાજનવરચના)+ બી.એડ |

➢ કૃષિ-ઉત્તર બુનિયાદી માધ્યમિક તથા ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શિક્ષક તરીકે નિમણૂક માટેની શિક્ષક અભિયોગ્યતા કસોટી-માધ્યમિક (TAT-SECONDARY) તથા શિક્ષક અભિયોગ્યતા કસોટી- ઉચ્ચત્તર માધ્યમિક (TAT-HIGHER SECONDARY) માત્ર ગુજરાતી માધ્યમમાં યોજવામાં આવશે.

# વિશિષ્ટ શાળાઓમાં શિક્ષકોની ભરતીના વિષયોની વિગત

➢ માધ્યમિક શિક્ષક (ધોરણ-૯ અને ૧૦):

1. સંબંધિત વિષયમાં સ્નાતક + સંબંધિત દિવ્યાંગતા ક્ષેત્રનું બી.એડ. (વિશિષ્ટ શિક્ષણ-સ્પેશિયલ B.Ed.)

અથવા

2. સંબંધિત વિષયમાં સ્નાતક + બી.એડ.(સામાન્ય) સાથે સંબંધિત દિવ્યાંગતા ક્ષેત્રનું એક વર્ષનો અથવા બે વર્ષનો ડીપ્લોમા (વિશિષ્ટ શિક્ષણ)

અથવા

3. સંબંધિત વિષયમાં સ્નાતક + બી.એડ. (સામાન્ય) સાથે સંબંધિત દિવ્યાંગતા ક્ષેત્રનું Post Graduate Professional Diploma in Special Education (PGPD)

અથવા

4. સંબંધિત વિષયમાં સ્નાતક + P.G. Diploma in Special Education (Mental Retardation)

અથવા

5. સંબંધિત વિષયમાં સ્નાતક + P.G. Diploma in Special Education (Multiple Disability: Physical & Neurological)

અથવા

6. સંબંધિત વિષયમાં સ્નાતક + P.G. Diploma in Special Education (locomotors Impairment and Cerebral Palsy)

અથવા

7. સંબંધિત વિષયમાં સ્નાતક + Secondary level Teacher Training Course in Visual Impairment.

અથવા

8. સંબંધિત વિષયમાં સ્નાતક + Senior Diploma in Teaching the Deaf

અથવા

9. B.A./B.Com./B.Sc. + સંબંધિત દિવ્યાંગતા ક્ષેત્રનું સ્પેશિયલ B.Ed.નો ઈન્ટીગ્રેટેડ કોર્સ

અથવા

10. Any other equivalent Qualification Approved by RCI (Rehabilitation Council of India) or GOI (Government of India) or GOG (Government of Gujarat) for the above mentioned disabilities or any other disabilities.

➢ ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષક (ધોરણ-૧૧ અને ૧૨):

1. સંબંધિત વિષયમાં સ્નાતક + સંબંધિત વિષયમાં અનુસ્નાતક + સંબંધિત દિવ્યાંગતા ક્ષેત્રનું બી.એડ. (વિશિષ્ટ શિક્ષણ-સ્પેશિયલ B.Ed.)

અથવા

2. સંબંધિત વિષયમાં સ્નાતક + સંબંધિત વિષયમાં અનુસ્નાતક + બી.એડ.(સામાન્ય) સાથે સંબંધિત દિવ્યાંગતા ક્ષેત્રનું એક વર્ષનો અથવા બે વર્ષનો ડીપ્લોમા (વિશિષ્ટ શિક્ષણ)

અથવા

3. સંબંધિત વિષયમાં સ્નાતક + સંબંધિત વિષયમાં અનુસ્નાતક + બી.એડ. (સામાન્ય) સાથે સંબંધિત દિવ્યાંગતા ક્ષેત્રનું Post Graduate Professional Diploma in Special Education (PGPD)

અથવા

4. સંબંધિત વિષયમાં સ્નાતક + સંબંધિત વિષયમાં અનુસ્નાતક + P.G. Diploma in Special Education (Mental Retardation)

અથવા

5. સંબંધિત વિષયમાં સ્નાતક + સંબંધિત વિષયમાં અનુસ્નાતક + P.G. Diploma in Special Education (Multiple Disability: Physical & Neurological)

અથવા

6. સંબંધિત વિષયમાં સ્નાતક + સંબંધિત વિષયમાં અનુસ્નાતક + P.G. Diploma in Special Education (locomotors Impairment and Cerebral Palsy)

અથવા

7. સંબંધિત વિષયમાં સ્નાતક + સંબંધિત વિષયમાં અનુસ્નાતક + Secondary level Teacher Training Course in Visual Impairment.

અથવા

8. સંબંધિત વિષયમાં સ્નાતક + સંબંધિત વિષયમાં અનુસ્નાતક + Senior Diploma in Teaching the Deaf

અથવા

9. B.A./B.Com./B.Sc. + M.A./M.Com./M.Sc. +સંબંધિત દિવ્યાંગતા ક્ષેત્રનું સ્પેશિયલ B.Ed.નો ઈન્ટીગ્રેટેડ કોર્સ

અથવા

10. Any other equivalent Qualification Approved by RCI (Rehabilitation Council of India) or GOI (Government of India) or GOG (Government of Gujarat) for the above mentioned disabilities or any other disabilities.

- દિવ્યાંગ વિદ્યાર્થીઓના શિક્ષણ અર્થે દૃષ્ટિહીન, મૂકબધીર, મંદબુદ્ધિતા, C.P. તેમજ અસ્થિવિષયક દિવ્યાંગતા ધરાવતા વિદ્યાર્થીઓ માટે કાર્યરત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિશિષ્ટ શાળાઓમાં શિક્ષકોની નિમણૂક માટે વિશિષ્ટ શાળાઓમાં સંબંધિત દિવ્યાંગતાના પ્રકારને અનુલક્ષીને સંબંધિત દિવ્યાંગતાના ક્ષેત્રની વ્યવસાયિક લાયકાત ધરાવતા ઉમેદવારની નિમણૂંક કરવાની રહેશે.
- વિશિષ્ટ શાળાઓમાં શિક્ષકોની ભરતી માટે ઉપર નિયત થયેલ લાયકાત ધરાવતા ઉમેદવારોએ અન્ય ઉમેદવારો માટે યોજાતી સંબંધિત વિષયની શિક્ષક અભિયોગ્યતા કસોટી ઉત્તીર્ણ કરવાની રહેશે.